Civil Services (Main) Examination, 2024

PHKM-B-GJT

# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

સમય મર્યાદા: **ત્રણ કલાક**
*Time Allowed : **Three** Hours*

મહત્તમ ગુણ: **250**
*Maximum Marks : **250***

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

**પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :**

અહીં **બે વિભાગમાં આઠ** પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો **એક** પ્રશ્ન પસંદ કરી અન્ય **ત્રણ** ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) પ્રમાદધન મુજ સ્વામી સાચા
એ વણ જૂઠું સર્વ બીજું. 10

(b) ઊઠી ધાયા જાદવરાય રે, મોજાં નવ પહેર્યાં પાય રે,
પીતાંબર ભોમ ભરાય રે, જઈ રુકિમણી ઊંચું સાહે રે. 10

(c) તું ક્ષત્રિયાણી મટી માલણ થઈ છે તે
ક્ષત્રિયનો ધર્મ તને કયાંથી સાંભરે ! 10

(d) ભણી ભણીને ભેદ પાડે, અક્ષર તણી તે ખોટ
સિધ્યાંત નાવે સમગમાં, બાંધી રહયા ખટકોટ. 10

(e) નહાના નહાના દંત બિનિ સુંદર મુખનું વાન
પુત્ર હસતું નહીં દીઠું કરાવતાં પયપાન. 10

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) મધ્યકાલીન જ્ઞાનાશ્રયી કવિતાના ઉચ્ચ શિખર તરીકે 'અખેગીતા'ને મૂલવો. 20

(b) 'સરસ્વતીચંદ્ર ભાગ-૧'ની પાત્રસૃષ્ટિનો પરિચય કરાવો. 15

(c) 'ફાર્બસ વિરહ'ને કરુણપ્રશસ્તિ તરીકે તપાસો. 15

**Q3. વિવેચનાત્મક નોંધ લખો.**

(a) ઋતુકાવ્ય અને શૃંગારકાવ્ય તરીકે 'વસંતવિલાસ'ની સમીક્ષાત્મક ચર્ચા કરો. 20

(b) 'રાઈનો પર્વત'નાં કથાનક અને વસ્તુસંકલના વિશે વિવેચનાત્મક નોંધ લખો. 15

(c) 'ચંદ્ર ચંદાવતીની વારતા'ના મુખ્ય કથાઘટકો અને પાત્રસૃષ્ટિનો પરિચય કરાવો. 15

**Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.**

(a) 'સુદામા ચરિત્ર'ના સંદર્ભે પ્રેમાનંદની આખ્યાનકલાનો પરિચય કરાવો. 20

(b) 'મારી હકીકત'માં નર્મદનું ઊપસતું વ્યક્તિત્વ અને વિભિન્ન વ્યક્તિચિત્રો વિશે નોંધ લખો. 15

(c) 'પૂર્વાલાપ'માં ગ્રંથસ્થ 'વસંતવિજય' અને 'અતિજ્ઞાન' ખંડકાવ્યનો આસ્વાદ કરાવો. 15

## SECTION B

**Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) હું કોઈનો પ્રતિનિધિ નથી, માત્ર સમસ્ત ગુજરાતનો છું. *10*

(b) ગ્રીષ્મમાં મોગરા અને શિરીષની અત્યુક્તિ હવામાં સંભળાય છે. *10*

(c) ગાફના ધણીએ કુંવરને પેરામણીમાં ખસતા ગામ આપ્યુ છે. *10*

(d) શબ્દો જો બોલી શકતા હોત તો કવિને જરૂર કહેત કે કવિતા બનાવવાનું અમારું તે શું ગજું ? *10*

(e) મનના મોરલા ને મનનો મનખો એજ સાચો મનખો છે ! *10*

**Q6. સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.**

(a) 'પાટણની પ્રભુતા'ને કેન્દ્રમાં રાખીને કનૈયાલાલ મુનશીની સર્જકપ્રતિભાનો પરિચય કરાવો. *20*

(b) 'ધ્વનિ'નાં કાવ્યોમાં ભાવવૈવિધ્ય અને અભિવ્યક્તિની અવનવી છટાઓ વિશે સદૃષ્ટાંત નોંધ લખો. *15*

(c) 'અશ્વત્થામા' નાટયકૃતિમાં પુરાકથાનો વિનિયોગ. *15*

**Q7. નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'કાવ્યની શક્તિ'માં પ્રગટતી રા.વિ. પાઠકની વિવેચન પ્રતિભાનો પરિચય કરાવો. *20*

(b) 'જનાન્તિકે'ની નિબંધ સૃષ્ટિમાં આલેખાયેલા શૈશવ વિહાર, પ્રકૃતિરાગ અને સર્જનાત્મક ગદ્ય વિશે નોંધ લખો. *15*

(c) 'હિંદસ્વરાજ'માં સત્ય, સ્વરાજ અને સુધારાવિષયક ગાંધીજીના વિચારો નોંધો. *15*

**Q8. સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧'માં વિલક્ષણ નારીસૃષ્ટિનો પરિચય કરાવો. *20*

(b) 'માનવીની ભવાઈ'માં પ્રણયકથા અને છપ્પનિયા દુકાળ ના થયેલા નિરુપણની ચર્ચા કરો. *15*

(c) 'સપ્તપદી'માં ગ્રંથસ્થ 'છિન્નભિન્ન છું' અને 'શોધ' કાવ્યનો આસ્વાદ કરાવો. *15*